# ખોજ

"સર, ઇટ્સ રેડી, શેલ વી?" કહેતો શ્રીજિત હાથમાં હેડફોન લઈને ડિરેક્ટર સામે ઊભો રહ્યો. ડિરેક્ટરના ચહેરા પર ખુશી તો હતી જ સાથે જ ઇંતેજારી જોઈને શ્રીજિતે હેડફોન એના કાન પર બરાબર ગોઠવ્યું. ઇશારો કરીને રેકૉર્ડિસ્ટને પ્લે કરવા કહ્યું. રેકૉર્ડિસ્ટે પ્લેયરનું બટન ઑન કર્યું એની સાથે મ્યુઝિક શરૂ થયું.

*'હહ હહ...અહ આહહહહા...વ્હાહ!'*

ડિરેક્ટર આંખ બંધ કરીને ગીતના શબ્દોને ગણગણાવતો મ્યુઝિક સાંભળતો રહ્યો, નિર્લેપ ભાવે. શ્રીજિતની નજર એના ચહેરા પર મંડાઈ. થોડી વાર પછી ડિરેક્ટરે બંને હાથે કાન પર હેડફોનનાં સ્પીકર્સને થોડાક વધુ દબાવીને મ્યુઝિક સાંભળ્યુ; અને એના કપાળમાં રેખાઓ બદલાવા લાગી. ભાવ બદલાયા. જેમ-જેમ ડિરેક્ટરના ચહેરાના ભાવ બદલાતા ગયા તેમ-તેમ શ્રીજિતના ચહેરા પર અત્યાર સુધી છવાયેલો ઉત્સાહ ડગમગવા લાગ્યો. ડિરેક્ટરના કોઈક ન ગમતા પ્રતિભાવની અપેક્ષાએ ઊભો રહ્યો.

શ્રુતિ કાચના પાર્ટિશનમાંથી કોઈ પ્રતિભાવની અપેક્ષાએ બહાર ડિરેક્ટરની બાજુમાં ઊભેલા શ્રીજિત સામે જ જોઈ રહી હતી. શ્રીજિત ડિરેક્ટરના ચહેરા બદલાતા ભાવોને વાંચવાનો સતત પ્રયત્ન કરતો રહ્યો.

ઑડિયો ક્લિપ પૂરી થતાં ડિરેક્ટરે હળવાશથી હેડફોન નીચે ઉતાર્યું અને બાજૂની ટિપાઈ પર મૂક્યું. ફરીથી એણે આંખો બંધ કરી, વિચારની મુદ્રામાં બેસી રહ્યો. પછી શાંત સ્વરમાં બોલ્યો, "જિંદગી મેં યદી રંગ હી ન હો તો, જિંદગી મેં મજા કૈસી?"

"જી સર. સહી હૈ લેકિન...?" શ્રીજિતે આજ્ઞાંકિત બની કહ્યું.

"યે કૈસા સૂર મંદિર હૈ, જિસ મેં સંગીત હી નહિ!" ડિરેક્ટર હજુ આંખો બંધ જ રાખીને એ બોલતો જતો હતો.

શ્રીજિતને જેની અપેક્ષા હતી એવો સ્પષ્ટ જવાબ નહોતો મળી રહ્યો, એટલે એ ડિરેક્ટરની કાવ્યાત્મક વાણી સાંભળી ગૂંચવાયો. પછી પૂછ્યું, "મૈં કુછ સમજા નહીં."

"મેરે કહને કા મતલબ ભી નહીં સમજે!" હિતેશે એના કહેવાનો અર્થ શ્રીજિત નથી સમજ્યો એમ માની ચોખવટ કરતાં જે જવાબ આપ્યો એ સાંભળી રેકૉર્ડિસ્ટ અને શ્રીજિત શૂન્યમનસ્ક બની એના સામે જોઈ જ રહ્યા.

"આત્મા હોની ચાહીએ; વો કૈસા સંગીત જીસ મેં અસલી સૂર હી ન હો? ઈસ મેં ઑરિજિનલ સૂર નહી હૈ; ભૈયા! બિન સૂર, સબ સૂન!" શ્રીજિત ગૂંચવાયો. ઘણી મહેનત કરીને એણે આ સંગીત બનાવ્યું હતું. એ ધીમા સ્વરે બોલ્યો.

"સર...વો ઓરિજિનલ તો... કી-બોર્ડ...!"

"માલુમ હૈ, આજકલ તુમ લોગ કી-બોર્ડ સે હી સબ સૂર નિકાલ લેતે હો, લેકિન સમજો તુમ, વો એક મશીન છે. મશીન અને માનવમાં કોઈ ફર્ક ખરો કે નહીં, દોસ્ત? સમજાય છે મારી વાત? ડૂ ઇટ; અધરવાઇઝ ફર્ગેટ ઇટ." થોડીક ક્ષણ પહેલાં ખુશ થઈને ઇંતેજારીપૂર્વક કાન પર હેડફોન લગાવનાર ડિરેક્ટરે દેખીતા અણગમા સાથે હેડફોન કાઢીને ટેબલ મૂકી ટકોર કરતાં કહ્યું.

■

સૂરજ ડૂબી રહ્યો હતો. શ્રીજિતની નજર સિમેન્ટ, કૉન્ક્રીટ અને લોઢાના પાયા પર ઊભેલી તોતિંગ ઇમારતો ઉપર ફરી રહી હતી. એક હદ સુધી હવામાં ધુમાડો અને પ્રદૂષણનાં કાળાં-ધોળાં અનેક વલયો ઘૂમરાઈ રહ્યાં હતાં. એ ધૂંધળા વાતાવરણમાં પણ દૂરથી દેખાતો દૂરદર્શનનો ઊંચો ટાવર પેલા ભૂકંપના દિવસે જેમ ડોલતો હતો એમ એની ટુક હાલતી દેખાતી હતી. દૂર કેટલીક ચીમનીઓ ધુમાડો ઓકી રહી હતી અને એ ધુમાડાથી ડૂબતા સૂરજને ઢાંકવાનો નિષ્ફળ પ્રયાસ કરી રહ્યો હતો. પરંતુ એ ક્ષિતિજમાં અડિંગો જમાવી બેઠેલી એ કાલિમા વધુ ટકી નહીં; ડૂબતા સૂરજના તેજે એમાં પણ ધીરેધીરે લાલાશ ભરાતી જતી હતી.

બત્રીસમા માળ પર આવેલા શ્રુતિના ફ્લૅટની કાચથી મઢેલી અને ફૂલછોડથી છવાયેલી વિશાળ બાલ્કનીમાં શ્રીજિત ઊભો હતો. જેટલી ઊંચાઈ પર એ ઊભો હતો, એટલું જ વધુ એનું મન આજે વિહ્વળ હતું. સાંજે ઊઠેલી નૈર્ઋત્ય પવનની લહેરોમાં એના આંકડિયાળા લાંબા વાળ ઊડતા હતા. એના ઘઉંવર્ણા ગોળ ચહેરા પર છવાયેલી નિરાશા વચ્ચે પેલી સંધ્યાનો

ગેરુઓ રંગ એના ચહેરા પર છવાયો હતો. વિહ્વળ નજરોથી એણે દૂર દૂર સુધી જોયું. મોટી ફ્રેમનાં ચશ્માંના કાચમાંથી દૂરનું દૃશ્ય ધૂંધળું દેખાયું. સૂરજ ડૂબવામાં જ હતો. એને સિમેન્ટના જંગલ સિવાય કશું નહોતું દેખાતું; દેખાતા હતા તો માત્ર દૂરદર્શનનો પેલો જૂનો ટાવર અને બીજા ડિજિટલ ઇંડિયાની આહલેક પોકારતા મોબાઇલ અને સેટેલાઇટ નેટવર્કના લોખંડના આધુનિક ટાવરો. એની સામે કોણ મોટું એની હરીફાઈ કરતા હતા પેલા સિમેન્ટ-કૉન્ક્રીટના ઊંચા-ઊંચા ઝાડ જેવા અને હવે કાળા ભળાતા મહાકાય ટાવરો. હા, એમાં હવે ઝીણી-ઝીણી રોશની ઝળહળતી થઈ હતી.

શ્રુતિએ ફ્લૅટમાં લાઇટની સ્વિચ પાડી. કિચનમાં ઇલેક્ટ્રિક કીટલીમાં કા-ફૂ-ચીનોહ કૉફી તૈયાર થઈ એટલે શ્રુતિએ એક નજર બાલ્કનીમાં ઊભેલા શ્રીજિત સામે કરી. શ્રીજિતનું ધ્યાન બહારની દુનિયા પર હતું. શ્રુતિ બે મગ સાથે કૉફી-ટ્રે લઈ એની પાછળ આવી ઊભી રહી. એણે શ્રીજિતને પસંદ એવા લીલા રંગનો પેન્સિલ-કટ વનપીસ પહેર્યો હતો. એમાં એનું શરીર ખૂબ ભરાવદાર અને સુડોળ પણ લાગતું હતું. શ્રુતિના ડાબા કાંડા પર સાપનું સુંદર ટૅટૂ ચીતરેલું હતું. એના એક કાનમાં સર્પાકાર લાંબી બુટ્ટી લટકતી હતી અને બીજા કાનમાં માત્ર સિંગલ રિયલ વાઇટ પર્લની બુટ્ટી હતી. ગળામાં ઝીણી ઇટાલિયન ડિઝાઇનની સોનાની ચેઇન ચમકતી હતી. એના વાળ ટૂંકા અને બૉબ્ડ કટ સેટ કરેલા હતા. બત્રીસમા માળે વહેતા પવનમાં પણ સુંદર લાગતા હતા. એમાંથી છૂટી પડી એકાદ-બે લટો એની ખુલ્લી આંખોમાં ખલેલ પાડતી હતી.

“યૉર કૉફી...” મૃદુ અવાજ કાને પડતાં જ શ્રીજિતે એકદમ પાછળ ફરીને જોયું. કૉફી-ટ્રે સાથે હસતી શ્રુતિ એની સામે ઊભી હતી. શ્રીજિતે એક કૉફી-મગ પરથી ઢાંકણ ઉપાડ્યું. મગમાંથી એકદમ વરાળ ઊઠી. શ્રીજિતે હથેળીમાં એ વરાળને કેદ કરવાનો અનાયાસે જ પ્રયત્ન કર્યો; પણ વરાળ ક્ષણિક જ રહી અને વહેતા પવન સાથે એ વીખરાઈ ગઈ.

સંધ્યાના આછા અંધારામાં લપેટાતા જતા રાજમાર્ગો પ્રકાશપુંજ બની અંધારામાં નદીમાં તરતા દીવાઓની લાંબી વણજારની જેમ વહી રહ્યા હતા. પેલા મહાકાય ટાવરો પણ રોશનીથી જીવંત થવાના પ્રયત્ન કરતા હતા. માનવીઓની સાથે પક્ષીઓ પણ ઊંચા સિમેન્ટનાં જંગલોના અનેક માળાઓમાં પાછાં વળી રહ્યાં હતાં. શહેર કરતાં આ ઊંચી ઇમારતના

બત્રીસમા માળે સૂરજ મોડો આથમ્યો હતો. શ્રુતિના ચહેરા પર સંધ્યાની લાલિમા સહજ વર્તાતી હતી. શ્રુતિએ કૉફીનો મગ શ્રીજિતને હાથમાં પકડાવ્યો. મગ એણે લઈ લીધો, પણ એ દૂર ઊંચી ઇમારતોના ઝગમગતા ઝુંડને ક્ષુબ્ધતાથી જોઈ રહ્યો. સંધ્યા સમયની ક્ષણિક વિહ્‌વળતા એના મનમાં ઊતરતી જતી હોય એમ એ વિચારતો રહ્યો.

શ્રુતિએ વાત શરૂ કરી, "ડિરેક્ટરની વાત પર આટલું કેમ વિચારે છે? આપણે કામ હાથ પર લીધું છે તો પૂરું પણ કરીશું જ."

ક્ષુબ્ધતા શ્રીજિતના મન પર સવાર હતી. એણે કૉફીનો મગ હોઠે માંડ્યો. કોઈ જવાબ ન આપ્યો.

"...એ ઓરિજિનલ હોવું જોઈએ એમ ને? એમાં આત્મા હોવો જોઈએ એમ ને?" શ્રુતિએ ફરીથી વાતને આગળ વધારી અને મૂળ મુદ્દો છેડ્યો.

"ક્યાં શોધું આ સિમેન્ટ-કૉન્ક્રીટના જંગલમાં 'આત્મા'ને? ચારેબાજુ મને જે દેખાઈ રહ્યું છે એમાં તો મળી રહ્યું!" નજરને બહાર જ ફરતી રાખીને એ વિહ્‌વળ બની બોલ્યો.

"પણ, એમનું કહેવું તો સાચું જ છે, આત્મા વિના સંગીત અધૂરું જ હોય." શ્રુતિએ એની કૉફી પીતાં-પીતાં કહ્યું. કૉફીની ચૂસકી લેતાં હોઠના અવાજે શ્રીજિતે પ્રેમથી શ્રુતિ સામે જોયું. શ્રુતિએ ફરીથી એક મોટો ઘૂંટ હોઠના અવાજ સાથે લઈને એની સામે આંખ મિચકારી. એણે શ્રુતિની મસ્તીભરી આંખો સામે જોયું. એની આંખોમાં કોઈ ભારે નટખટ તોફાન ઊઠતું હોય એમ એ જોઈ રહ્યો. બંનેની આંખો મળી. શ્રીજિત થોભ્યો; પછી બોલ્યો, "હા, મને ખબર છે. કળા અને સંગીતસાધનામાં સર્વોત્તમ પ્રાપ્ત કરવું એ સહેલું તો નથી, અને આ તો આપણે પ્રોફેશનલ છીએ."

શ્રીજિત સહેજ નજીક ગયો શ્રુતિની. શ્રુતિએ એની હરકતને પારખીને કહ્યું, "...અને સાધના માટે સાધકની નજર સાધ્ય પર ટકી રહેવી જોઈએ. સાચું ને!" શ્રુતિએ એ એના નાકને ટચ કર્યું; પછી બે ડગલાં શ્રીજિતથી દૂર ચાલી અને બોલી, "સાચા કલાકારનું ધ્યેય સાધ્ય સુધી પહોંચવાનું હોય, એ માટે જીવનના અંત સુધી મથવું પડે."

શ્રીજિત ઉતાવળે બોલી ઊઠ્યો, "પણ, ક્યાંથી શક્ય બને?" સાંજના ક્ષુબ્ધ વાતાવરણથી છુટકારો મેળવવાનો શ્રીજિતે પ્રયત્ન કર્યો.

શ્રુતિએ બેફિકરાઈથી એના હોઠ પર ચોંટેલી કૉફી પર જીભ ફેરવી.

શ્રુતિની આ હરકત નટખટ હતી, એ શ્રીજિતે અનુભવ્યું. એનું મન બીજે ક્યાંક હતું

એટલે એ થોડોક નર્વસ થયો. એણે નજર ફેરવી લીધી. ફરીથી એ બહારની દુનિયા જોવા લાગ્યો. ફરીથી એ વિચારે એ ચઢી ગયો, "શું મેં પૂરી મહેનત નહોતી કરી? શું ખૂટતું હશે?"

જાતને જ એક સવાલ પૂછી બેઠો શ્રીજિત. સારું જ તો કર્યું એણે, પણ જ્યારે મન ગૂંચવાયેલું હોય ત્યારે શું જાત પાસેથી જવાબ મળે ખરો? જવાબ ન હતો એની પાસે. એના કાને શ્રુતિના શબ્દો અથડાયા. "જો તમે પ્રામાણિકપણે મહેનત કરો છો તો તમારી એ મહેનત તમારી સાધના ગણાય. જ્યાં સુધી આપણને જે જોઈએ એ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી નિષ્ઠા સાથે પ્રયત્નશીલ રહી અથાક મહેનત જાળવી રાખવી જોઈએ, વિથ નો ચીટિંગ, વિથ સેલ્ફ, લાઇક ઇન લવ."

શ્રીજિત ધ્યાનથી આજ્ઞાંકિત બની એના શબ્દોને સાંભળી રહ્યો. એ વચ્ચે બોલ્યો. "સચ, કહા હૈ, બગેર આત્મા સંગીત અધૂરા હોતા હૈ."

"ઐસા કોઈ સૂર મંદિર નહીં, જિસ મેં સંગીત નહીં. જૈસે કિ, મશીન તો બે માનવીઓની મુલાકાત કરાવી શકે, લેકિન પ્યાર તો ઇન્સાન કો હી કરના હૈ, સા"બ! યૂ સી, કી-બોર્ડ મશીનમાં ઑલરેડી અપલોડેડ ચિપ્સ હોય છે, નવું કશું જ ન હોય. એટલે, પ્રેમ હોય કે સંગીત એમાં પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે એમાં જીવન ઉમેરવું પડે." શ્રુતિ એકશ્વાસે બોલી ગઈ.

"મતલબ?" શ્રીજિતને શ્રુતિની વાતમાં રસ પડ્યો.

"મતલબ, પ્યાર કરના પડતા હૈ, એ માટે બે વ્યક્તિઓએ મળવું તો પડે ને! જાતે મહેનત કરવી પડે, હમેં કોઈ ચીજ ઓરિજિનલ ચાહીએ તો વહ ઓરિજિનલ હી હોના ચાહીએ." શ્રુતિએ શ્રીજિતને પાનો ચડાવતાં જીવનની ફિલસૂફી રજૂ કરી અને શ્રીજિત સામે આંખો ઉલાળતી રહી. એ બોલતી અટકી એટલે શ્રીજિતે શ્રુતિના ગોરા મોટા ગાલ પર મગ ટચ કરીને બાકી બચેલી કૉફી એકશ્વાસે પી ગયો.

પ્રેમથી શ્રુતિ એને જોઈ રહી. ત્યાં જ મધુર વિંડબેલ રણક્યો. પવનના

સુસવાટા વચ્ચે ગુંજતા, ઝૂલતા મૅજિકલ વિંડબેલ સામે એણે જોયું. સંધ્યા સમયે નૈર્ઋત્ય તરફથી છૂટેલા પવનમાં ડોલતા છોડવાઓ અને નૃત્ય કરતી જૂઈની વેલને એ સ્પર્શ કરી આવ્યો. એણે અનાયાસે જ શ્રુતિના કાને લટકતી લાંબી લટકતી બુટ્ટીને નટખટ સ્પર્શ કર્યો; ત્યાં એને ફરીથી દૂરથી આવતા પવનના સૂર સંભળાવા લાગ્યા. એના મનમાં અનેક સૂર ગુંજી ઊઠ્યા. શ્રીજિતે એના કાનને કરેલા સ્પર્શ અને વહેતા મૃદુ પવનના સ્પર્શથી શ્રુતિ વિચલિત થઈ ગઈ. એણે શ્રીજિતને હળવો ધક્કો માર્યો અને અંદર ઓરડા સુધી ધકેલીને લઈ ગઈ. જતાં-જતાં એ બોલતી રહી, "ચલો, ઢૂંઢતે હૈ, ઉસ આત્મા કો, જિસ મેં અભી ભી સૂર બચે હૈં; ઇસ કોંક્રીટ કે જંગલ સે કહીં દૂર...!"

■

રાત્રે બે-એક વાગ્યે એ શ્રુતિના ઘેરથી નીકળી પોતાના ઘેર પહોંચ્યો ત્યારે એના ઘરના દરવાજે તાળું લાગેલું હતું. એ તાળું ખોલી ઘરમાં પ્રવેશ્યો. શાવર લેવા બાથરૂમમાં ગયો. થોડી વાર પછી એ શાવર લઈને જ્યારે બહાર આવ્યો ત્યારે બીજા બેડરૂમના બાથરૂમમાં શાવર ચાલુ હતો. એણે નિસાસા સાથે ત્યાં એક નજર નાખી. નાહીને આવ્યો હોવા છતાંય એ થાકેલો હોય એમ મનમાં કશુંક બબડ્યો અને પછી ટુવાલને ખુરશીના હાથા પર નાખતો એના બેડરૂમમાં ચાલ્યો ગયો. જઈને એણે ઊંઘવાનો પ્રયત્ન કર્યો. જલદી ઊંઘ ન આવી. એ વિચારતો રહ્યો, ઓરિજિનલ સૂર ક્યાં મળે?

વડોદરાની સંગીત કૉલેજમાંથી પારંગત થઈને શ્રીજિતે મુંબઈ જેવી મોહમયી નગરીમાં સંગીત ક્ષેત્રે ઘણું કામ કર્યું હતું, પણ એની સાથે ઓરિજિનલ માટે આવો દુરાગ્રહ ન હોતો કર્યો કોઈએ, જેવો આજે એને એક નાના શહેરના એક ફિલ્મ-ડિરેક્ટરે કર્યો હતો. કદાચ એવું પણ બન્યું હોય કે એને કોઈ સંગીતકલાના સાચા જાણકાર જાદુગર સાથે કામ કરવાનો મોકો જ ન મળ્યો હોય. જે હોય તે, મુંબઈનો મોહ છોડીને આ શહેરમાં આવ્યો એની પાછળ પણ અંદરનું કોઈ આ જ કારણ હોઈ શકે કે ફરીથી રૂટ તરફ પાછા વળવું અને કુદરત સાથે જોડાઈને સાધના કરવી. એને સંગીતના મૂળ સાથે તો લગાવ હતો જ ને! શ્રુતિ પણ, શ્રીજિત મુંબઈ ગયો એ પહેલાંથી એને જાણતી હતી. એ એને અહીંના એક સ્ટુડિયોમાં મળી

હતી. ઉંમર કરતાં વહેલી મૅચ્યૉર થઈ ગયેલી શ્રુતિને શ્રીજિતને જોતાં જ એના પ્રત્યે ખાસ લાગણી જન્મી હતી અને જોતજોતામાં જ શ્રીજિતને એ દિલ દઈ બેઠી હતી. એમણે કેટલાક મ્યુઝિક-આલબમના પ્રોજેક્ટ સાથે કર્યા હતા, અને સફળ પણ રહ્યા હતા. પછી તો બસ, નવા શહેરમાં નવો પ્રેમ. શ્રીજિત અને શ્રુતિ એકબીજાને પસંદ કરવા લાગ્યાં હતાં. બંને કલારસિક જીવ મળવા લાગ્યા, એમનું મળવું રોજનું થયું; પછી બંને જણ લિવ-ઇનમાં સાથે જ રહેવા લાગ્યા. આજે જે પ્રોજેક્ટ પર એ કામ કરતો હતો એ શ્રીજિત માટે શ્રુતિ જ લઈ આવી હતી. મ્યુઝિક કમ્પોઝર તરીકે શ્રીજિતની આ પહેલી જ ફિલ્મ હતી અને એના પહેલા જ સૉન્ગનું સંગીત–રિધમ એણે તૈયાર કરી દીધું હતું, પણ ડિરેક્ટરની પેલી વાતે એ ગૂંચવાયો હતો. અલબત, 'સૂર તો મિસિંગ' હતો. એ મંથન કરતો રહ્યો. "હા એ સાચા જ હતા. મેં પણ ક્યાં સૂર ઓરિજિનલ મૂક્યો હતો? એ તો... શ્રુતિએ કહ્યું એમ મશીનમાંથી આવ્યો હતો ને."

એના કાને શ્રુતિના શબ્દો ગુંજ્યા.

"ઐસા કોઈ સૂર મંદિર નહીં, જિસ મેં સંગીત ન હો. જૈસે મશીન તો બે માનવીઓની મુલાકાત કરાવી શકે, લેકિન પ્યાર તો ઇન્સાન કો હી કરના હૈ, સા"બ! યૂ સી, કી-બોર્ડ મશીનમાં ઑલરેડી અપલોડેડ ચિપ્સ હોય છે, નવું કશું જ ન હોય. એટલે, પ્રેમ હોય કે સંગીત એમાં પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે એમાં જીવન ઉમેરવું પડે."

શ્રીજિત શયનખંડમાં રાતના ઝાંખા અજવાશમાં વિશાળ પલંગ પર છત સામે નજર માંડી એકલો સૂતો હતો. આંખમાં ઊંઘ ન હતી. એણે ઓરડાની ચારે દીવાલો પર ઊંડી નજર ફેરવી. જાણે કે કોઈ સૂર ત્યાંથી એની સમીપ ઊઠવાનો હોય. દીવાલ પર સુંદર કલાત્મક ભીંતચિત્રો હતાં, પણ એમાં કોઈ માનવીનાં ચિત્રો ન હતાં. એ દીવાલ પર શ્રીજિત સૂરની શોધ કરવા મથવા લાગ્યો. કદાચ એને એમ કે વિશાળ શયનખંડની દીવાલોમાંથી લુપ્ત પ્રેમ હાથ લાગી જાય. પણ એ કશુંક શોધી રહ્યો હોય એમ દીવાલોની આરપાર જોઈ રહ્યો.

■

શ્રુતિએ આવીને ગાડીનું હૉર્ન માર્યું ત્યારે શ્રીજિત હજુ તો પથારીમાં હતો.

બીજા જ હૉર્ને શયનખંડની બારીનો પડદો ખસ્યો. શ્રુતિએ ગાડીમાંથી જ હાથ ઊંચો કરી એને હાય કહી બહાર આવી જવા ઇશારો કરી દીધો. શ્રુતિ ગાડીમાં જ બેસી રહી. શ્રીજિત તૈયાર થઈને આવ્યો ત્યાં સુધી શ્રુતિ કશુંક વાંચતી રહી. એ આવ્યો ત્યારે એ ગાડીમાંથી ઊતરી ગઈ અને શ્રીજિતને ગાડીની ચાવી હાથમાં આપી દઈ એ બાજૂની સીટ પર જઈને બેસી ગઈ. ગાડી ઊપડી.

■

શહેરના ભીડભાડભર્યા રસ્તાઓને ચીરતું આ ચાર પૈડાવાળું મશીન દોડતું રહ્યું. આજે શ્રુતિ એને લઈને કોઈક નવી જગ્યાએ જઈ રહી હતી. ઘોંઘાટ કરતાં દોડતાં અવનવાં વાહનો વચ્ચેથી માર્ગ કરીને ભાગતા માનવીઓ, ચોરાહે લાલ લાઇટ પર અચાનક બ્રેક મારીને ઊભી રહેતી ગાડીઓ, રિક્ષાઓ અને કારના ચકચકાટ કાચ પર પોતાના મેલા શર્ટથી ધૂળ સાફ કરવા લાગી પડતા નિર્દોષ, ગંદા, ઊંઘ ન ઊડી હોય એવા ઓશિયાળા ચહેરાઓ અને એની પાછળ છૂપાં નાજુક ફૂલ જેવા હાલતાચાલતા જીવનને નીરખવાનો શ્રીજિતને સમય ન હતો. સવારથી જ એના મસ્તિષ્કમાં તો રમતી હતી શયનખંડની ચાર દીવાલો અને પેલી ધૂન 'મિસિંગ ટ્યૂન'. શહેરના ઘોંઘાટ અને ટ્રાફિકની પળોજણને ચીરતી ગાડી શહેરની બહાર આવી ગઈ હતી. શ્રુતિએ મ્યુઝિક પ્લેયર ઑન કર્યું.

*"બજા પુંગી પુંગી મૈં નાચુંગી, મૈં નાચુંગી... બજા પુંગી પુંગી મૈં નાચુંગી"*

શ્રીજિતની નજર રસ્તા પર હતી. એ રિધમના તાલે ગીતના શબ્દોને ગણગણવા લાગ્યો. શ્રુતિની નજર કાચની બહાર પાછળ દોડતાં લીલાંછમ વૃક્ષોની હારમાળા પર ટકી રહી હતી. શ્રીજિત સંગીતની મજા લઈ રહ્યો હતો. અચાનક સામે વળાંક આવ્યો અને શ્રીજિત તંદ્રામાંથી જાગ્યો અને પૂછી બેઠો. "**...**લેકિન, હમ જા કહાં રહે હૈ?"

"ગણેશપુર." શ્રુતિએ સાવ શાંતિથી જવાબ આપ્યો.

ગાડીની ગતિ સાથે શ્રીજિતના કાનમાં દૂરદૂરથી આવતા બીનના સૂર રેલાવા લાગ્યા.

■

નજીકમાં જ ડાબી બાજુ રસ્તા પર રામપુરનું પાટિયું દેખાયું; એટલે શ્રુતિએ એને ગાડી ધીમી પાડવા કહ્યું. રસ્તાથી સહેજ ડાબી બાજુ નીચે ઊતરી ગાડી ઊભી રહી. શ્રુતિ બારી બહાર આસપાસમાં જોવા લાગી. કોઈ ન દેખાયું. એ કશુંક વિચારે એ પહેલાં શ્રીજિતની બાજૂની બારીના કાચ પર ઠકઠક ટકોરા પડ્યા. શ્રીજિતે કાચમાં જોયું અને એ ચમક્યો. બારીના કાચ પાસે સાવ નજીક મોં રાખીને એક સાધુ આશીર્વાદની મુદ્રામાં હથેળી બતાવીને ગાડીની અંદર નજર ફેરવી રહ્યો હતો. બારીનો કાચ બંધ હતો છતાંય શ્રીજિત ડરીને અંદર પાછો ખસ્યો અને શ્રુતિને અથડાયો. શ્રુતિએ પણ એ જોયું. શ્રીજિતે સાધુને નીરખી લીધો. માથે ભગવા ફાળિયાવાળો એક પ્રૌઢ સાધુ મરક-મરક હસી રહ્યો હતો. એની નજર ગાડીમાં જ ફરતી હતી અને એ કાચ પર હથેળી દબાવીને ઊભો હતો. એના કાંડા પર લાલપીળા અનેક દોરા-ધાગાઓ બાંધેલા હતા. ગળામાં મોટા-મોટા રુદ્રાક્ષ અને તુલસીના મણકાઓની માળાઓ લટકતી હતી. કપાળમાં મોટું ત્રિપુંડ હતું. ગાલ અને કાનની બૂટ પર ભભૂતી લગાવેલી હતી. પોતાના પર નમેલા શ્રીજિતને શ્રુતિએ સહારો આપીને ગાડી આગળ ચલાવવા ઇશારાથી કહ્યું. ગાડી તો ચાલી; પણ સાધુ એક હાથ કાચ પર રાખીને મરક-મરક હસતો-હસતો બીજા હાથે ગાડી ઊભી રાખવા ઇશારો કરતો રહ્યો. ચહેરો એનો શ્યામ હતો; પણ જેટલો દેખાતો હતો ચહેરો એના પર ભારે તેજ ચમકતું હતું. શ્રીજિતની નજર અટકી ગઈ એના ચહેર પર. શ્રુતિએ સ્ટિરિયોને ધીમો કર્યો. સંગીતનો અવાજ ધીમો થયો એટલે શ્રીજિતે એ જોઈને ગાડીની ગતિ વધારી દીધી, તો પણ એ સાધુ ગાડીના બૉનેટ પર હાથ પછાડતો રહ્યો. ગાડી એકદમ ઊભી રહી અને શ્રીજિતે બારીનો કાચ સહેજ ખોલીને ઇશારાથી એને બાજુમાં હટી જવા કહ્યું. ત્યાં જ સાધુ બારી પાસે આવી ગયો અને બારીના અધખૂલી બારીમાં હાથ નાખી ઊભો રહી ગયો.

શ્રુતિને આગળ જવું હતું. બપોર થવામાં હતા. રસ્તો અજાણ્યો હતો. એ આગળનો રસ્તો જ શોધતી હતી, ત્યાં આ સાધુ કસમયે આવી અડચણ ઊભી કરતો હતો એમ એને લાગ્યું. એણે ચહેરા પર ગુસ્સો લાવી ગાડી આગળ લેવા શ્રીજિતને ફરીથી કહ્યું, પણ શ્રીજિતે એને શાંત રહેવા ઇશારો કર્યો. સાધુએ શ્રીજિતની આંખોમાં આંખો પરોવી દીધી હતી. સાધુ સમજી ગયો અને બોલ્યો, “બચ્ચા, તું જિસ ચીજ કી ખોજ મેં આયા હે, ઇસે પાના

ઇતના આસાન નહી હૈ, લેકિન તેરા ભાગ્ય કહતા હૈ તું ઉસે પા કર હી રહેગા, લેકિન...”

સાધુના શબ્દોમાં શ્રીજિત ખેંચાવા લાગ્યો. એ એની વાતોમાં ખેંચાઈ જ ગયો હતો. એણે વિચાર્યું, સાધુને કેવી રીતે જાણ થઈ કે હું કોઈ ચીજની શોધમાં છું અને એને શોધવાનું કામ આસાન પણ નથી?

“મા’રાજ, લેકિન...” શ્રીજિત કશુંક કહેવા ગયો. એને અટકાવતાં સાધુ બોલ્યો, “બચ્ચે, અભી ભી યકીન નહીં હોતા ક્યા?”

“નહીં ઐસી બાત નહી હે... લેકિન...” શ્રીજિત જાણવા માગતો હતો સાધુ પાસેથી.

“લગતા હૈ, તુમ મહેનત પર વિશ્વાસ કરને વાલોં મેં સે હો. સાધુ, જ્યોતિષ, ભવિષ્ય મેં તેરા વિશ્વાસ નહીં હૈ.” સાધુએ હસતાં-હસતાં કહ્યું.

“નહીં મા’રાજ ઐસા નહીં હૈ.” શ્રીજિત એની વાતોમાં દોરાવા લાગ્યો.

“તો ફીર લે યે...” એમ કહીને સાધુએ એની ઝોળીમાં બીજો હાથ નાખ્યો અને તરત જ મુઠ્ઠી બહાર કાઢી એનો હાથ પકડી એની હથેળીમાં એની મુઠ્ઠી મૂકી દીધી. “હિમાલય સે આયા પવિત્ર એકમુખી રુદ્રાક્ષ હૈ. તેરી હર મનોકામના પૂરી કરેગા.”

શ્રુતિથી રહેવાયું નહીં, એને એની વાતો અજીબ લાગવા માંડી. એ ગુસ્સામાં શ્રીજિતને જોઈ જ રહી અને સમજાવવા લાગી. ગાડી થોડી ચાલી અને સાધુએ ઉતાવળ કરી. શ્રીજિતનો હાથ એણે ન છોડ્યો એટલે ગાડી થોડુંક ચાલીને અટકી ગઈ.

“બચ્ચા, તુમ્હે ભી અભી બહુત કુછ પાના હૈ, જીવનસાથી કી ભી તલાશ હૈ તુઝે, મિલા નહીં હૈ અભી તક.” સાધુએ શ્રીજિતને છોડી શ્રુતિની આંખોમાં એકીટશે જોઈને કહ્યું. શ્રુતિ શ્રીજિત સામે જોઈ મનમાં જ બોલી; યે હી તો હૈ મેરા જીવનસાથી.

શ્રુતિના ચહેરાને વાંચતો સાધુ તરત જ બોલ્યો. “નહીં હૈ, તુમ્હારી અભી તક શાદી હુઈ નહીં હૈ.” સાધુના શબ્દો સાંભળી શ્રુતિ દંગ રહી ગઈ. એના મનમાં બોલાયેલા શબ્દોનો જવાબ સાધુ આપી રહ્યો હતો, જવાબ પણ કેવો સચોટ! છતાં પણ, એની વાતોમાં ફસાય એમ ન હતી શ્રુતિ. એટલે એ

તરત જ સ્વસ્થ થઈ ગઈ. એને ગણકાર્યા વિના જ શ્રુતિએ વાતને ટાળી. જોકે એને સાધુ પર ખૂબ જ ગુસ્સો આવી રહ્યો હતો.

સાધુએ એનો ચહેરો વાંચી લીધો હતો. નિશાન ઠીકાને પે લગા હૈં. “દેખો બેટા, પ્યાર-બ્યાર સબ ઠીક હે. લેકિન સચ્ચા સુખ ઈસ મેં હૈ, જીન સે પ્યાર કરતે હો ઇસ સે હી શાદી હો જાય. યદિ તું ઉસે પા લેતી હો જીસે તુમ પ્યાર કરતી હો, તુમ કિસ્મત વાલી બનોગી. મેરી ઔર દેખ બચ્ચે, તુમ્હારી શાદી ભી જલ્દ હી હોગી.”

એના જીવનની સાવ અંગત બાબતો વિશે સાધુની વાતો સાંભળી શ્રુતિને અચંબો થયો અને ગુસ્સો પણ આવ્યો. પણ એ કશું જ બોલી ન શકી. એ સાધુથી જલદી છૂટવા માગતી હતી એટલે એણે નફરતભર્યા અવાજમાં સાધુને કહ્યું, “અરે જાઓ તુમ; છોડો હમેં.”

“સાધુ કે સાથ ઐસે બાત નહીં કરતે બેટી. જાને વાલે તો ચલે જાતે હી હૈ. લેકિન, તુમ્હારી કિસ્મત હૈ બડી.” સાધુના આ શબ્દો સાંભળી શ્રીજિત મનમાં હસ્યો. શ્રુતિ શાંત રહી, ત્યાં જ સાધુએ શ્રીજિત પાસે માગણી શરૂ કરી; “બેટા, હમ અકિંચન ત્યાગી સાધુ હૈ, કીસી સે માંગતે નહીં, લેકિન તેરે કપાલ પર લીખા હૈ, તું પીછલે જન્મ મેં બડા દાનેશ્વરી રહા હોગા!” શ્રીજિતનો હાથ અનાયાસે કપાળ પર ગયો અને પછી એ જ હાથ એના ખિસ્સા પર ગયો. “...ઇસ લિયે ઇચ્છા કરતા હું કી, તુઝ સે બસ એક ધોતી કા દાન મિલે.”

સાધુ શ્રીજિતની આંખો સામે નજર અટકાવી બોલી રહ્યો હતો. શ્રીજિતે ખિસ્સામાંથી પચાસની નોટ કાઢી, ત્યાં સાધુએ એ હાથમાં શું છે એ જોયા વગર જ હાથને ત્યાં જ અટકાવી દીધો અને બોલ્યો. “ધોતી કા દાન માંગ રહા હૂં. સાધુ હૈ હમ, કોઈ ભિખારી નહીં; બેટે.”

“મા’રાજ, મારી પાસે અત્યારે ધોતી તો નથી.” શ્રીજિતે ઉતાવળે કહ્યું.

“તુમને દાનેશ્વરી રાજા કર્ણ કી કથા સુની નહીં હૈ ક્યા?”

શ્રુતિ વચ્ચે બોલી, “મહારાજ, અમારે ઉતાવળ છે અમને જવા દો. લઈ લો જે આપે એ. શ્રીજિત નોટ આપી દે એમના હાથમાં અને છોડ ચલ.”

શ્રીજિતનો હાથ બરાબર પકડી રાખીને શ્રુતિ સામે કરડાકીભરી નજરે

જોઈને બોલ્યો, "જાને વાલે કો કૌન રોક સકતા હૈ મૈયા. તુઝે તો મુઝે પઘડી પહનાની હૈ." સાધુએ પોતાને મૈયા શબ્દથી સંબોધી એટલે શ્રુતિએ મનમાં ગુસ્સો કર્યો, પણ કશું બોલી નહીં.

શ્રીજિતે ફરીથી બીજા હાથે ખિસ્સામાંથી બીજી પચાસની નોટ કાઢી એના હાથમાં મૂકી. સાધુએ એને હાથમાં તો લીધી પણ એનો હાથ હજુ ન છોડયો. "મૈયા, લગતા હૈ ભૈયા કા હાથ તુમને બાંધ કે રખા હૈ, છોડ દે ઇસ કો, પકડ કે કુછ મત રખ. ઇન્હે બહુત આગે જાના હૈ. બહને દે ઉસ કો. ઉપરવાલે કી કૃપા પાને દે. કહતા હું મત રોક ઉસે. ઇસ કે દિલ મેં સારે સંસાર કે લિયે કરુણા હૈ, ઔર મત રોક તુ; પાપ મેં પડેગી."

શ્રુતિના મનમાં દબાયેલો ગુસ્સો આ સાંભળી ચહેરા ઉપર આવી ગયો. એ ઉશ્કેરાઈ. ત્યાં જ શ્રીજિતે બીજી એક સોની નોટ કાઢી એના હાથમાં મૂકી. હવે સાધુએ એના હાથને સહજ ઢીલો કર્યો. પછી એ શ્રુતિને આશીર્વાદ આપવા લાગ્યો, "બેટા, તુઝે ભી તેરી જો ચાહત હૈ વહ મિલેગી; લેકિન અભી તેરા સમય નહીં આયા. સાધુ કો તેરે હાથોં સે પઘડી કી દક્ષિણા દે દે. મેં ચલા જાઉંગા, અપને આશીર્વાદ દે કર, અપને રાસ્તે, સિર્ફ પાંચસો રૂપિયે નકદ દે દે."

શ્રુતિને લાગ્યું, સાધુની માગણી વધતી જાય છે અને પૈસા લીધા વિના એ નહીં છોડે. એટલે એણે એક સોની નોટ કાઢીને એના હાથમાં મૂકી. સાધુ ના હટ્યો. બોલ્યા વગર શ્રુતિની આંખો સામે જોવા લાગ્યો. શ્રુતિ ડરી ગઈ. એણે નજર ફેરવી દીધી અને ચૂપચાપ પાકીટમાંથી પાંચસોની નોટ કાઢી સાધુના હાથમાં મૂકી દીધી. જેવી નોટ એના હાથમાં આવી એટલે સાધુ હલકું હસ્યો. સહજ પાછો હટ્યો. એને શ્રીજિતને ઇશારો કરી કહ્યું, "તું જિસ કો ખોજને નીકલા હૈ ન, જા વહ તેરા ઇંતજાર કર રહા હૈ, તેરી મંજિલ નજદીક હી હૈં. આગે સે બાયેં મૂડ જા."

શ્રીજિતને આંખે અંધારાં આવી ગયાં. એની આંખો ઘેરાવા લાગી. સાધુની છેલ્લી વાત પર એ સાચે જ ગભરાઈ ગયો. સાધુ સાચે જ કોઈ જ્ઞાની-પુરુષ તો નથી ને? એ વિચારતો રહ્યો અને સાધુને ફરીથી એકવાર જોવા આંખો ફેરવી ત્યાં સાધુ ન હતો. એ ગભરાયો. એ બેબાકળો થઈ ગયો. એણે આસપાસ જોવાનો પ્રયત્ન કર્યો. એણે ગભરાટમાં જ ગાડીનું એક્સિલેટર

દબાવી દીધું. શ્રુતિ પણ શ્રીજિતની હાલત જોઈને ગભરાઈ હતી. એણે પણ સાધુને જોવા રિયર વ્યુ મિરરમાં એક નજર નાખી જોઈ; સાધુ દૂરદૂર મસ્ત ચાલે મોટાં-મોટાં ડગલાં ભરતો જઈ રહ્યો હતો. એના ખભે ભગવો ખેસ હવામાં લહેરાઈ રહ્યો હતો.

ગાડી આગળ ધપતી રહી અને શ્રુતિએ અનાયાસે જ બાયે કી ઓર લેવાનું કહ્યું. શ્રીજિત હજુ પણ ન સમજાય એ રીતે ગાડી ચલાવી રહ્યો હતો. શ્રુતિનું ધ્યાન શ્રીજિત પર હતું, એને લાગ્યું, શ્રીજિતના મગજમાંથી હજુ સાધુ ગયો નથી. ગાડી ડાબી બાજુ વળી. ગાડી મુખ્ય રસ્તા પરથી ઊતરી આગળ ચાલતી રહી.

■